Seat No. : _______________

# DP-110

**December-2013**

## M.A. Sem.-IV

## Guj-509-EA : Gujarati

**(વિશ્વ સાહિત્યની કૃતિઓ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. એબ્સર્ડિટીની વિભાવના સમજાવી એબ્સર્ડ નાટક તરીકે 'વેઈટિંગ ફોર ગોદો'નું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

'વેઈટિંગ ફોર ગોદો' માનવ નિયતિની કરુણતાને નિરૂપતું ટ્રેજી કોમેડી નાટક છે. – વિધાનના સંદર્ભમાં ચર્ચા કરો.

2. 'ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી' નવલકથાનો આસ્વાદમૂલક પરિચય કરાવો. **14**

**અથવા**

'ધ ઓલ્ડમેન એન્ડ ધ સી' નવલકથાની પાત્રસૃષ્ટિ વિશે વિસ્તૃત નોંધ લખો.

3. 'ધ આઉટ સાઈડર' નવલકથાના ઘટનાસૂત્રનો સંક્ષેપમાં ખ્યાલ આપી કૃતિનો સારાંશ રજૂ કરો. **14**

**અથવા**

મ્યારસોના પાત્રનો પરિચય કરાવી એના ચરિત્રમાં પ્રગટતા આધુનિક પ્રતિનાયકના લક્ષણોની ચર્ચા કરો.

4. સમસ્યાપ્રધાન નાટક તરીકે 'એડોલ્સ હાઉસ'ની સમીક્ષા કરો. **14**

**અથવા**

નોરાના પાત્રાલેખન સંદર્ભે ઈબ્સનની સર્જકતા તપાસો.

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **14**

(1) 'વેઈટિંગ ફોર ગોદો' મૂળ કઈ ભાષામાં લખાયેલું નાટક છે ?

(a) અંગ્રેજી (b) જર્મન

(c) ગ્રીક (d) ફ્રેન્ચ

(2) કૂતરા વિશેનું ગીત કયું પાત્ર ગાય છે ?

(a) વ્લાડિમિર (b) એસ્ટ્રોગોન

(c) લકી (d) પોત્ઝો

(3) બીજા અંકમાં કયું પાત્ર અંધ થઈ ગયાનું સૂચવાય છે ?

(a) લકી (b) પોત્ઝો

(c) ગોદો (d) વ્લાડિમિર

(4) 'વેઈટિંગ ફોર ગોદો'ના ગુજરાતી અનુવાદક –

(a) સુમન શાહ (b) સુભાષ શાહ

(c) લાભશંકર ઠાકર (d) ચિનુ મોદી

(5) સાન્ટિયાગોને સહાય કરનાર કિશોરનું નામ જણાવો.

(6) નાટકને અંતે સાન્ટિયાગો કયું સ્વપ્ન જુએ છે ?

(7) 'ધ ઓલ્ડમેન એન્ડ સી' નવલકથાના લેખકનું નામ જણાવો.

(8) આલ્બેર કામૂનો જન્મ કયા દેશમાં થયો હતો ?

(9) 'ધ આઉટ સાઈડર'ની પ્રથમ આવૃત્તિ કયા વર્ષે પ્રકાશિત થઈ હતી ?

(a) 1932 (b) 1942

(c) 1952 (d) 1962

(10) ઘરડા ઘરમાં મ્યારસોના માની મૈત્રી કોની સાથે થાય છે ?

(a) સેલસ્ત (b) દરવાન

(c) રેમન્ડ (d) પેરિ

(11) મ્યારસોની સ્ત્રી મિત્રનું નામ જણાવો.

(12) નોરાએ શા માટે દેવું કર્યું હતું ?

(13) નોરાને કેટલાં સંતાનો છે ?

(14) નોરાના પતિનું નામ જણાવો.